# Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

**Term-End Examination : January-2026**

**Course Name : MGT** | **Date : 19-02-2026**

**Subject Name : ગુજરાતી ભાષા : પરિચય અને અભ્યાસ** | **Time : 11:30AM TO 01:45PM**

**Subject Code : MGT-102** | **Max Marks : 70**

---

**પ્રશ્ન-1. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) ગુજરાતી એકભાષી કોશના વિકાસમાં 'નર્મકોશ', 'સાર્થ ગુજરાતી જોડણી કોશ' અને 'ભગવદ્ગોમંડળ'નું પ્રદાન સવિસ્તાર વર્ણવો.

(2) નામયોગી (Postpositions) એટલે શું? નામયોગીના પ્રકારો વર્ણવો.

**પ્રશ્ન-2. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) ભાષાવિજ્ઞાન એટલે શું? ભાષાવિજ્ઞાનના અભ્યાસના કોઈપણ એક અભિગમની સવિસ્તાર ચર્ચા કરો.

(2) "ગુજરાતી ભાષાના ઐતિહાસિક-તુલનાત્મક સંશોધનમાં નરસિંહરાવ દિવેટિયાનું પ્રદાન સીમાસ્તંભરૂપ છે." – આ વિધાનને તેમના કાર્યને આધારે સિદ્ધ કરો.

**પ્રશ્ન-3. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) ભાષા અંગે સમાજમાં પ્રવર્તતી વિવિધ માન્યતાઓ વિશે ચર્ચા કરો.

(2) આખ્યાત સાથે સંકળાયેલી 'વ્યાકરણી કોટિઓ' એટલે શું? પ્રાથમિક પરિચય આપો.

**પ્રશ્ન-4. ટૂંકનોંધ લખો (કોઈપણ બે)** **( 14 )**

(1) ચિહ્નના પ્રકારો: પ્રતિબિંબ, લક્ષણ અને પ્રતીક

(2) રૂપઘટક તારવવાનો સિદ્ધાંત: પૂરક સંબંધ

(3) નામિક પદસાધક પ્રત્યય (વિભક્તિના સંદર્ભે)

(4) આજ્ઞાર્થક વાક્યમાં કર્તાનો લોપ

**પ્રશ્ન-5. સાચો વિકલ્પ પસંદ કરો.** **( 14 )**

**(1) ભાષા એ કેવી સંપત્તિ છે?**

A) વ્યક્તિગત B) કુદરતી

C) સામાજિક D) વારસાગત

**(2) 'અપભ્રંશ'માંથી કઈ ભાષાનો સીધો વિકાસ થયો છે?**

A) પાલી B) પ્રાકૃત

C) જૂની ગુજરાતી D) લેટિન

**(3) અનુવાદની પ્રક્રિયામાં જે ભાષામાંથી અનુવાદ થાય તેને શું કહેવાય?**

A) લક્ષ્ય ભાષા B) સ્રોત ભાષા

C) અન્ય ભાષા D) પરભાષા

**(4) ભાષાનો સૌથી નાનામાં નાનો ઘટક કયો છે?**

A) વાક્ય B) શબ્દ

C) ધ્વનિ D) ફકરો

**(5) જ્યારે શબ્દનો વ્યાપક અર્થ મર્યાદિત બને ત્યારે તેને શું કહેવાય?**

A) અર્થવિસ્તાર　　B) અર્થસંકોચ

C) અર્થોત્કર્ષ　　D) અર્થોપકર્ષ

**(6) નરસિંહ મહેતા પહેલાની ભાષાને ભાષાવિજ્ઞાનીઓ શું કહે છે?**

A) આધુનિક ગુજરાતી　　B) પ્રાચીન ગુજરાતી

C) મરાઠી　　D) સિંધી

**(7) ગુજરાતી ભાષાની પ્રથમ ભૂમિકા કયા સમયગાળા દરમિયાન મનાય છે?**

A) 5મીથી 8મી સદી　　B) 12મીથી 14મી સદી

C) 17મી સદી　　D) 20મી સદી

***********